# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-06-2025** **Evening : 7.10 to 7.20**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હીના મોદી** વાંચે છે.

---

1) વિમાન દુર્ઘટનાના 206 મૃતકનો DNA મેચ થયા, 169 મૃતદેહો પરિવારજનોને સોંપાયા - આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે આરોગ્ય પોલીસ સહિત અન્ય કર્મયોગીઓની કામગીરી બિરદાવી
2) રાજ્યામાં ત્રણ દિવસથી મેઘમહેર , આજે 97 તાલુકામાં વરસાદ , બોટાદમાં કાર પાણીમાં તણાઈ જતાં સાત લોકોના મોતના અહેવાલ
3) મહેસાણાની કડી અને જૂનાગઢની વિસાવદર વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી માટે આવતીકાલે મતદાન
4) 15મી ઓગસ્ટથી ત્રણ હજાર રૂપિયાની કિંમતનો ફાસ્ટેગ આધારિત વાર્ષિક પાસ શરૂ કરાશે.
5) સાહિત્ય અકાદમી યુવા અને બાળ સાહિત્ય પુરસ્કારની જાહેરાત - ગુજરાતી ભાષામાં મયુર ખાવડુને યુવા પુરસ્કાર

---

(હવે પછી આપ 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# RUSHIKESH PATEL

અમદાવાદ વિમાન દુર્ઘટનાના 208 DNA નમૂના મેચ થયા છે. જ્યારે 173 જેટલા પાર્થિવ દેહ મૃતકોના પરિવારજનોને સોંપવામાં આવ્યા છે. મંત્રીમંડળની બેઠક બાદ રાજ્યના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે આ ઘટનામાં અગ્નિશમન દળના 600થી વધુ જવાનો તેમજ સેનાના 670 થી વધુ જવાનો બચાવ કામગીરીમાં જોડાયા. શ્રી પટેલે ઉમેર્યું કે 139 કરતાં વધુ અગ્નિશમન વાહનો તેમજ સાડા સાત લાખ લીટર કરતાં પણ વધારે પાણીનો ઉપયોગ થયો.

(બાઇટ: ઋષિકેશ પટેલ )

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે વિમાન દુર્ઘટના દરમિયાન આરોગ્ય , પોલીસ સહિત અન્ય કર્મયોગીઓએ કામગીરીને બિરદાવી હતી.

. . . . . . . . . . . . .

# CABINET MEET SHOK

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે ગાંધીનગર ખાતે મળેલી મંત્રીમંડળની બેઠકમાં અમદાવાદ વિમાન દુર્ઘટનાના મૃતકોને શ્રદ્ધાંજલિ આપતો શોકદર્શક પ્રસ્તાવ કરાયો. બેઠકમાં રાજ્ય મંત્રીમંડળે બે મિનીટનું મૌન પાળી ભૂતપૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજય રૂપાણીના અવસાન અંગે દુ:ખની લાગણી વ્યકત કરવામાં આવી હતી.

. . . . . . . . . . . . . .

# GUJARAT RAIN

રાજ્યમાં ત્રણ દિવસથી ચોમાસું જામ્યું છે. આજે રાજ્યના 97 તાલુકામાં વરસાદ નોંધાયો છે. આજે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં મધ્યમથી ભારે વરસાદ પડ્યો છે. ડાંગ જિલ્લાના આહવામાં સાડા પાંચ ઇંચથી વધુ વરસાદ નોંધાયો છે. જ્યારે વઘઇમાં 4 ઇંચ અને સુબીરમાં સાડા ત્રણ ઈંચથી વધુ વરસાદ થયો છે. ભારે વરસાદને કારણે રાજ્યના અનેક જળાશયો હાઇએલર્ટ પર છે. રાજયાના 11 જળાશયો હાઇએલર્ટ, જ્યારે 13 જળાશય એલર્ટ તેમજ 10 જળાશય વોર્નિંગ પર છે. રાજયાના 9 ડેમ 100 ટકા ભરાયા છે. ભાવનગરની અમરગઢ અને મેઘાવદર તેમજ સુરેન્દ્રનગરની ભોગાવો ઓવરફ્લો થઈ છે. ભારે વરસાદને કારણે રાજ્યમાં કુલ 168 જેટલા માર્ગ બંધ કરાયા છે. પોરબંદરમાં ભારે વરસાદની આગાહીને પગલે વડોદરાથી એક NDRFની ટીમ આવી પહોંચી છે. આ ટીમમાં 2 મહિલા સહિત 30 જવાનો સામેલ છે.આ અંગે NDRFના ઇન્સ્પેકટર રમેશકુમારે વધુ માહિતી આપી.

(બાઇટ – રમેશકુમાર (એન.ડી.આર.એફ. ઇન્સપેકટર)

દરમિયાન બોટાદ જિલ્લાના સાગાવદર ગામમાં કાર પાણીમાં તણાઈ જતાં સાત લોકોના મોતના અહેવાલ છે. જેમાં ગઇકાલે બે મૃતદેહ મળ્યા બાદ આજે બીજા પાંચ લોકોના મૃતદેહ મળી આવ્યા હતા.

. . . . . . . . . . . . .

# WEATHER FORECAST

રાજ્યમાં આગામી 5 દિવસ માધ્યમથી ભારે વરસાદની આગાહી છે. હવમાં વિભાગના જણાવ્યા અનુસાર આવતીકાલે સમગ્ર રાજ્યમાં સાર્વત્રિક ભારે વરસાદ રહેવાની શક્યતા છે. જ્યારે 22, 23 અને 24 જૂન દરમિયાન રાજ્યના કેટલાક ભાગોમાં અતિભારે વરસાદની શક્યતા હોવાનું હવામાન વિભાગના નિયામક ડૉ.એ.કે. દાસે જણાવ્યું હતું.

(બાઈટ: ડૉ.એ.કે.દાસ, નિયામક)

વરસાદની આગાહીને પગલે, માછીમારોને આગામી 5 દિવસ સુધી દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે. આ સમયગાળા દરમિયાન રાજ્યમાં પવનની ગતિ 40 થી 50 કિલોમીટર પ્રતિ કલાકની રહેવાની સંભાવના છે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# BY ELECTION

મહેસાણાની કડી અને જૂનાગઢની વિસાવદર વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી માટે આવતીકાલે મતદાન યોજાશે . કડી વિધાનસભા માટે 8 જ્યારે વિસાવદર બેઠક માટે 16 ઉમેદવાર મેદાને છે. સવારે સાત વાગ્યાથી મતદાન શરૂ થશે અને સાંજે 6 વાગ્યા સુધી મતદાન પ્રક્રિયા ચાલશે. કડી બેઠકમાં એક લાખ 49 હજાર 760 પુરુષ , એક લાખ 40 હજાર 92 મહિલા અને ત્રીજી જાતિના 4 સહિત કુલ બે લાખ 89 હજાર 856 મતદારો નોંધાયા છે. જ્યારે વિસાવદર બેઠક પર એક લાખ 35 હજાર 609 પુરુષ , એક લાખ 25 હજાર 479 મહિલા અને ત્રીજી જાતિના 4 સહિત કુલ બે લાખ 61 હજાર 92 મતદાર પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે.

મતદાન માટે ચૂંટણી ઓળખ પત્ર ઉપરાંત 12 માન્ય ઓળખ પત્ર જેવા કે આધાર કાર્ડ , મનરેગા જોબ કાર્ડ , બેંક અથવા પોસ્ટ ઓફિસ દ્વારા મળતી ફોટોવાળી પાસબુક , શ્રમ મંત્રાલયનું આરોગ્ય વિમા કાર્ડ , ડ્રાઇવિંગ લાઇસન્સ , પાનકાર્ડ, ભારતીય પાસપોર્ટ , ફોટો સાથે નામવાળું પેન્શન ડોક્યુમેન્ટ , કેન્દ્ર/રાજ્ય/જાહેર કંપનીઓ દ્વારા કર્મચારીઓને આપવામાં આવતું સર્વિસ ઓળખ કાર્ડ, સંસદસભ્યો/વિધાનસભ્યો/વિધાન પરિષદના સભ્યોને આપવામાં આવતું ઓળખકાર્ડ, યુનિક ડિસેબિલિટી આઈડી કાર્ડ માન્ય પુરાવા ગણાશે. આ બંને વિધાનસભા વિસ્તારમાં આવતીકાલે જાહેર રજા રહેશે. ઉલ્લેખનીય છે કે વિસાવદર બેઠક પરથી ભૂપેન્દ્ર ભાયાણી અને કડી બેઠકના કરશન સોલંકીનું અવસાન થતાં આ બંને બેઠકો ખાલી પડી હતી.

. . . . . . . . . . . . .

# Gram Panchayat Elections

રાજ્યમાં આગામી 22 જૂને સ્થાનિક સ્વરાજ્ય ગ્રામ પંચાયતની ચૂંટણી યોજવાની છે ત્યારે નર્મદા જિલ્લામાં 112 ગ્રામ પંચાયતની ચૂંટણીની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. જેમાં તિલકવાડા તાલુકાની જલોદ્રા વજેરીયા અને પીંછીપુરા એમ ત્રણ ગ્રામ પંચાયત સમરસ જાહેર કરાઈ છે. જયારે વધેલી ગ્રામ પંચાયતમાં સરપંચ બિનહરીફ જાહેર થયા છે અને છ વોર્ડના સભ્યો બિનહરીફ જાહેર થયા છે.માત્ર એક વોર્ડમાં સભ્ય માટે ચૂંટણી યોજાશે.

પંચમહાલ જિલ્લાના સાત તાલુકાની 155 ગ્રામ પંચાયતોમાં સામાન્ય અને 111 ગ્રામ પંચાયતોમાં વૉર્ડ સભ્યોની પેટા ચૂંટણી યોજવવાની છે ત્યારે જિલ્લાની કુલ 47 ગ્રામ પંચાયતોમાં 63 વોર્ડ સભ્યો અને બે સરપંચ માટેની બેઠક માટે એક પણ ઉમેદવારી પત્રો ભરાયા જ નથી.

હાલમાં જાહેર કરવામાં આવેલ જ્ઞાતિ આધારિત અનામત બેઠકો સામે તે ગ્રામ્ય વિસ્તારમાં અનામત તરીકે જાહેર કરવામાં આવેલી જ્ઞાતિની વસ્તી જ ન હોવાને લીધે એક પણ ઉમેદવારી પત્ર ભરાયા નથી.

. . . . . . . . . . . .

# FASTTAG-ANNUAL PASS

આ વર્ષે 15મી ઓગસ્ટથી ત્રણ હજાર રૂપિયાની કિંમતનો ફાસ્ટેગ આધારિત વાર્ષિક પાસ શરૂ કરવામાં આવશે. આ સુવિધાને કારણે દેશનાં રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર અવિરત અને ઓછા ખર્ચે મુસાફરી કરી શકશે.

આ વાર્ષિક પાસ સક્રિય થવાની તારીખથી એક વર્ષ માટે અથવા 200 ટ્રિપ્સ સુધી માન્ય રહેશે. આ પાસ ખાસ કરીને કાર , જીપ અને વાન જેવા બિનવ્યાવસાયિક ખાનગી વાહનો માટે તૈયાર કરવામાં આવ્યો છે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ આ જાહેરાત કરતા જણાવ્યું કે ધોરીમાર્ગ પર મુશ્કેલી વગરની મુસાફરીની દિશામાં આ પરિવર્તનકારી પગલું સાબિત થશે.

તેમણે ઉમેર્યું હતું કે , ટૂંક સમયમાં રાજમાર્ગ યાત્રા એપ પર તેમજ ભારતીય રાષ્ટ્રીય ધોરીમાર્ગ સત્તામંડળ અને માર્ગ , પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલયની સત્તાવાર વેબસાઇટ્સ પર આ યોજનાનાં સક્રિયકરણ અને નવીનીકરણ માટે સમર્પિત લિંક પૂરી પાડવામાં આવશે.

. . . . . . . . . . . . .

# SAHITYA ACADEMY AWARDS

સાહિત્ય અકાદમી દિલ્હીએ આ વર્ષ માટેના સાહિત્ય અકાદમી યુવા અને બાળ સાહિત્ય પુરસ્કારની જાહેરાત કરી છે. જેમાં યુવા પુરસ્કાર માટે વિવિધ 23 ભાષાના વિજેતા સાહિત્યકારોના નામ જાહેર કરાયા છે. જેમાં ગુજરાતી ભાષામાં મયુર ખાવડુને નરસિંહ ટેકરી નિબંધ માટે પુરસ્કાર જાહેર કરાયો છે. બાળ સાહિત્ય માટે ગુજરાતી ભાષામાં કીર્તિદા બ્રહ્મભટ્ટને ટીંચક કવિતા માટે પુરસ્કાર જાહેર કરાયો છે. જ્યારે સિંધી ભાષામાં આકાશવાણીના સમાચાર વાચક હિના અંગનાણીને આસમાની પરી માટે પુરસ્કાર જાહેર કરાયો છે.

. . . . . . . . . . . . .

# GANDHINAGAR MAHANAGRPALIKA

ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય સભા આજે પંડિત દિનદયાળ ઉપાધ્યાય ભવન ખાતે મેયર મીરાબેન પટેલના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. આ સભામાં શહેરના વિકાસ અને નાગરિકોના કલ્યાણને ધ્યાનમાં રાખીને કુલ આઠ મહત્વપૂર્ણ મુદ્દાઓ પર મંજૂરી આપવામાં આવી હતી.

આ અંગે વધુ માહિતી મેયર મીરાબેન પટેલે આપી હતી.

(બાઈટ -- મેયર મીરાબેન)

. . . . . . . . . . . . .

# GANDHINAGAR KOBA DEATH

ગાંધીનગરના કોબા સર્કલ નજીક કમલમ પાસે આજે નિર્માણાધીન ઇમારતની દિવાલ ધરાશાયી થતાં એક શ્રમિકનું મોત થયાના અહેવાલ છે. અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે કમલમ પાસે શ્રીજી એરીશ નામની નિર્માણાધીન ઈમારતની દીવાલ ધરાશાયી થતાં ત્રણ શ્રમિકો દટાયા હતા.

. . . . . . . . . . . . .

# JERC

કેન્દ્ર શાસિત પ્રદેશ દમણમાં જોઈન્ટ ઇલેક્ટ્રિસિટી રેગ્યુલેશન કમિશન (JERC) દ્વારા વીજ ટેરિફને લઈ જન સુનવણી યોજાઈ હતી.

આ કાર્યક્રમમાં ઔદ્યોગિક , ઘરેલું તથા વાણિજ્યિક વીજદર સંબંધિત વિવિધ મુદ્દાઓ અંગે નાગરિકોએ તેમજ ઉદ્યોગપતિઓએ પોતાની રજૂઆતો કરી હતી. દમણ-દીવના સાંસદ ઉમેશ પટેલે JERCના ચેરમેન આલોક ટંડન સામે ટેરિફ મામલામાં અનેક મહત્વના મુદ્દાઓ રજૂ કર્યા હતા.

. . . . . . . . . . . . .